# પ્રાંતિજનું બોરીયા સીતવાડા ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું

## દલિત સમાજનો વરઘોડો ના કાઢવા દેવાને લઈને બે કોમના લોકો વચ્ચે ભારે તંગદીલી જેવી સ્થિતિ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ખાતે દલિત સમાજનો વરઘોડો ના કાઢવા દેવાને લઈને બે કોમના લોકો વચ્ચે ભારે તંગદીલી જેવી સ્થિતિ પેદા થઈ હતી. સાબરકાંઠા ડીવાયએસપી સહિત એલસીબી, એસોજી સહિતનો પોલીસ કાફલો ખડકાઈ દેવામાં આવ્યો હતો.

આઝાદીના વરસો બાદ પણ દલિતોની હજુ અવગણના થઈ રહી છે. સરકારની સૂફીયાણી યોજનાઓ પણ કચાશ જોવા મળ્યો છે. બોરીયા સીતવાડા ખાતે દલિત સમાજના ગોપાલભાઈ રાઠોડ (ચમાર)ના પુત્રનો વરઘોડો ગામમાં કાઢવાને લઈને ગામમાં રહેતા અન્ય સમાજ દ્વારા વિરોધ કરાતા એક દિવસ અગાઉ જ વરરાજા પાતે પોલીસ ખાતામાં જાદર ખાતે ફરજ બજાવતા હોય તેને પોતે સ્થાનિક પોલીસ તથા જીલ્લા પોલીસને જાણ કરવામાં આવી હતી. આજે વહેલી સવારથી જ બોરીયા સીતવાડા ખાતે પ્રાંતિજ મામલતદાર આર કે પટ્ટણી સહિત જિલ્લા પોલીસ વહીવટીતંત્ર દ્વારા બોરીયા સીતવાડાને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું જેમાં સાબરકાંઠા ડીવાયએસપી મીનાક્ષીબેન પટેલ, એસોજી પીઆઈ એમ.ડી. ઉપાધ્યાય, એલસીબી પીઆઈ વી.આર. ચાવડા સહિતનો પોલીસ કાફલો હાજર રહ્યો હતો. પરીવારને પોલીસ પ્રોટેકશન આપી વરઘોડો કાઢવામાં આવ્યો હતો પણ પોલીસ દ્વારા જાણે દલિત સમાજની મશ્કરી કરી હોય તેમ વરઘોડો ગામમાં નહી પણ તેમના ફળીયા પુરતો જ વરઘોડો કઢાવીને લગ્ન માટે મોકલી દીધો હતો. આ બાબતે સાબરકાંઠા ડીવાયએસપી મીનાક્ષીબેન પટેલને પુછતા તેઓએ કેમેરા સામે કાંઈ પણ બોલવાનું ના પાડી હતી અને જણાવ્યું કે આમા શું પોલીસ બધી જગ્યાએ હોય છે તેમ આડુ બોલી કેમેરાથી ભાગતા જોવા મલ્યા હતા અને કાઈપણ બોલવાની ના પાડી હતી. હાલ તો માત્ર સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા દલિત સમાજને માત્ર પોતાજ ફળીયામાં વરઘોડો કઢાવીને જાણે મોટુ તિર માર્યુ હોય તેવું લાગી રહ્યું હતું તો વરધોડો ગામમાં નિકળ્યો ન હતો તો હવે વરઘોડો તો પુરો થયો પણ હવે શું પોલીસ દ્વારા આ પરીવારને કે સમાજને કેટલી સુરક્ષા આપવામાં આવશે એ તો જોવું રહ્યું અને ફળી મહેસાણા બાદ સાબરકાંઠામા પણ આ પરીવાર સહિત ગામમાં રહેતા દલિત સમાજના લોકોને બહિષ્કારનો સામાનો કરવો પડશે કે શું એ પણ હાલ તો જોવું રહ્યું પણ પોલીસ કાફલો હોવા છતાં ગામમાં તો વરઘોડો ના જ નિકળ્યો.










## પાલનપુરના રામલીલા મેદાનમાં ફરી ઝુંપડામાં આગ

પાલનપુર રામલીલા મેદાનમાં આવેલા ઝૂંપડપટ્ટીના એક ઝૂંપડામાં ફરીએક્વાર એકાએક આગ લાગતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. આગમાં તમામ સર સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પાલનપુર રામલીલા મેદાનમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં છેલ્લા પંદર દિવસમાં આગનો બીજો બનાવ બન્યો હતો. જ્યાં ગુરૂવારે બપોરના સુમારે એકાએક એક ઝૂંપડામાં આગ લાગી હતી. જેના પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. હાથમાં જે આવ્યું તે પાત્ર લઈ પાણીનો મારો ચલાવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં ઝૂંપડામાં પડેલો તમામ માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગને પગલે ભારે અફરા- તરફી મચી જવા પામી હતી. જોકે, સદનસીબે કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

## બાદરપુરા (ભૂતેડી)માં પાંચ લોકોને ખોરાકી ઝેરની અસર

પાલનપુર તાલુકાના બાદરપુરા(ભૂતેડી) ગામમાં એક પરિવારના ૫ સભ્યોને ઘેંસ ખાધા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુર તાલુકાના બાદરપુરા(ભૂતેડી) ગામમાં રહેતા મૂળ સુરપગલા ગામના સાંકળાભાઈ સોમાભાઈ મોરી પરિવાર ના સભ્યોએ ભોજનમાં ઘેંસ ખાધી હતી. ઘેંસ ખાધા બાદ તેઓની તબિયત લથડી હતી. તબિયત બગડતા મોરી પરિવારના ૩ બાળકો સહિત ૫ સભ્યો ને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેઓની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

## ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજનો નવમો સમુહ લગ્નોત્સવ યોજાશે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગામમાં ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ ધ્વારા નવમો સમુહલગ્નોત્સવ તા.૧૨/૫/૨૦૧૯ ને રવિવારના રોજ ધામધુમ પુર્વક યોજાશે. જેમાં ૨૮ નવદંપતીઓ પ્રભુતામાં કુંમ-કુંમ પગલા પાડશે તેમ ઠાકોર સમાજના સમુહલગ્ન સમિતીના આયોજકોએ જણાવ્યું હતું.ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સમુહલગ્નોત્સવ સમિતિ, કારોબારી સભ્યો, હોદ્દેદારો, કાર્યકરો, ઠાકોર સમાજના આગેવાનો, નવદંપતીઓના માતા-પિતા સમુહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા તાડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

## ડીસાની આદર્શ હાઈસ્કૂલની મનમાની : ગેરકાયદે પ્રવેશ પરીક્ષા પગલે ૫૮ બાળકોને હાંકી કાઢવાનો કારસો

### વિફરેલા વાલીઓનો બળાપો : સોમવારે નવા જુનીના એંધાણ

ડીસા

એક તરફ રાજ્ય સરકાર શિક્ષણનું સ્તર ઊંચું લઈ જવા અને દરેક બાળકોને શિક્ષણ આપવાની વાતો કરી રહી છે બીજી તરફ ડીસાની જાણીતી શાળામાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓને શાળામાં ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવવાથી વંચિત રહેવું પડે એવો કારસો રચાયો છે. શાળાના સંચાલક મંડળ દ્વારા લેવાયેલા તઘલખી નિર્ણયથી ૫૮ વિધાર્થીઓના ભાવિ પર પ્રશ્ન સર્જાઈ જતાં વીફરેલા વાલીઓએ પણ લડી લેવાનો મૂડ બનાવ્યો છે.

ડીસાની પ્રતિષ્ઠિત મનાતી સંસ્કાર મંડળ સંચાલિત આદર્શ હાઈસ્કૂલ વર્ષોથી ઊંચા શિક્ષણને લઈ નામ રોશન કરી રહી છે પરંતુ બદલાયેલા સત્તામંડળો દ્વારા લેવાયેલા નિર્ણયોએ સંસ્કાર મંડળના સંસ્કારો સામે સવાલો ઊભા કરી દીધા છે. સામાન્ય રીતે કોઈ પણ શાળામાં પ્રવેશ મેળવવાનો સૌથી પહેલો અધિકાર જે તે શાળામાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓનો હોય છે... તેમ છતાં આદર્શ વિધાલયના વિધ્યાર્થીઓને અન્યાય સહન કરવાનો વારો આવ્યો છે. ડીસાની આદર્શ વિધાલયમાં ધોરણ આઠમાં ઊંચી ટકાવારી સાથે પાસ થયેલા વિધાર્થીઓને નવમા ધોરણમાં પ્રવેશ આપવાની ધરાર ના પાડી દેવાતાં આ વિધાર્થીઓની મુશ્કેલીમાં મુકાયા છે. હવે આ વિધાર્થીઓને તેમની જ શાળા પ્રવેશ ન આપતી હોય તો અન્ય શાળાઓ તો કેવી રીતે પ્રવેશ આપશે તેવો સવાલ ખુદ વિધાર્થીઓ જ પૂછી રહ્યા છે.

આદર્શ શાળામાં અભ્યાસ કરતાં બાળકો તેમની જ શાળામાં પ્રવેશથી વંચિત રહી જાય તેવો ઘાટ ઘડાતા અત્યારે આ બાળકોના ભવિષ્ય સામે સવાલ ઊભા થયા છે. ત્યારે આ બાળકોના વાલીઓ પણ બાળકોને પ્રવેશ ન આપવાનું ષડયંત્ર રચાતા વાલીઓ પણ વ્યાકુળ બની શાળાના આ નિર્ણય સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે. શાળા દ્વારા અન્ય શાળાના વિધાર્થીઓને પ્રવેશ આપવા માટે ઈરાદાપૂર્વક પ્રવેશ પરીક્ષા યોજી હોશિયાર બાળકોને નાપાસ કરાયા હોવાના ચોંકાવનારા આક્ષેપો પણ વાલીઓએ કર્યા છે.

આદર્શ શાળા સામે થઈ રહેલા આવા ગંભીર આક્ષેપો અંગે શાળાના ઈન્ચાર્જ આચાર્યનો સંપર્ક કરાતાં શરૂઆતમાં તેમણે તમામ બાળકોને પ્રવેશ આપી દેવાની વાત કરી હતી.. જો કે પ્રવેશ પરીક્ષા લેવાઈ હોવાના વાલીઓના આક્ષેપો અંગે સવાલ પૂછતાં તેમણે કઈ જ કહેવાનો ઈનકાર કર્યો હતો.આ ઉપરાંત આ વિધાર્થીઓના ભવિષ્ય સામે ઊભા થયેલા ખતરાની જવાબદારી સ્વીકારવાનો પણ તેમણે ઈનકાર કર્યો હતો.

આદર્શ શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને આ રીતે શાળામાં ઉપલા ધોરણમાં પ્રવેશથી વંચિત કરી દેવાનું કારસ્તાન આયોગ્ય અને બિન અધિકૃત છે. શાળાના સંચાલકો ટ્રસ્ટી મંડળ દ્વારા આ નિર્ણય લેવાયો હોવાનો રાગ આલાપી રહ્યા છે ત્યારે શાળાના ટ્રસ્ટીઓએ બંધ બારણે લીધેલો આ નિર્ણય શાળાના બીજા ચહેરાને ઉજાગર કરી રહ્યો છે. એક તરફ શાળા દ્વારા બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવાના દાવા કરાય છે તો બીજી તરફ આ નિર્ણય શાળાના સંસ્કારો સામે જ સવાલો કરી રહ્યો છે. શાળાના ટ્રસ્ટીઓ પણ આ વિવાદ બાદ ભૂગર્ભમાં ઉતરી ગયા છે ત્યારે શાળાના ટ્રસ્ટીઓને ૫૮ વિધાર્થીઓના ભાવિને અંધકારમાં ધકેલવાનો હક કોણે આપ્યો..? તેવો સવાલ પણ ચર્ચાની એરણે ચઢ્યો છે. તમામ વિધાર્થીઓને પ્રવેશ આપવો જોઈએ તેવી માંગ જોર પકડી રહી છે.



શાળામાં પ્રવેશ માટે નવા નિયમો ઘડી શાળાના વિધાર્થીઓને જ પ્રવેશથી વંચિત રાખવાના આ કરસા અંગે બનાસકાંઠાના શિક્ષણ વિભાગે પણ તપાસ કરી ૫૮ વિધાર્થીઓના ભાવિ પર તોળાઈ રહેલા ખતરાને નિવારવા લાલ આંખ કરવી જોઈએ. જો આ મામલે સંચાલક મંડળ હકારાત્મક અભિગમ ના અપનાવે તો આગામી સોમવારથી ઉપવાસ આંદોલન પર ઉતરવાનો નિર્ણય પણ વાલીઓએ કર્યો છે. ત્યારે સંસ્થાની છાપ બગડે તે પૂર્વ આ વિવાદનો ઉકેલ લવાય તે ઇચ્છનીય છે.


### કોંગ્રેસ ઉમેદવારના પ્રતિનિધિની મુલાકાત ટાણે

## જગાણા સ્ટ્રોંગ રૂમ પાસે નમો વાઈફાઈ એક્ટિવેટ થતા ચકચાર

### કોંગ્રેસના ઉમેદવારના પુત્ર અને ભાજપના માજી ધારાસભ્યએ ઇવીએમની ગરબડીની આશંકા સેવતા કરી ફરિયાદ

દેશભરમાં ઈવીએમની ગરબડીને લઈને વિપક્ષો દેકારો મચાવી રહ્યા છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ ઈફસ સ્ટ્રોંગ રૂમ પાસે નમો વાઈફાઈ કનેક્ટ થતું હોવાની ફરિયાદ સામે આવી છે.

બનાસકાંઠા લોકસભા ચૂંટણી સંપન્ન થયા બાદ ઈવીએમ જગાણા પાસે આવેલ સરકારી એન્જીનિયરિંગ કોલેજના સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા છે. જ્યાં કોંગ્રેસના પ્રતિનિધિ ગયા હતા.જ્યાં તેમના મોબાઈલમાં નમો વાઈફાઈ પકડાતું હોવાની ફરિયાદ સામે આવી હતી. દરમિયાન, કોંગ્રેસના ઉમેદવારના પુત્ર અને ભાજપના પૂર્વ ધારાસભ્ય વસંત ભટોળે ગરબડીની આશંકા સેવતા ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી હતી. તેઓએ ટેકનોલોજી ના યુગમાં બધું જ શક્ય હોઈ આ અંગે સાયબર ક્રાઈમ તળે ગુનો નોંધી ઝીણવટભરી તપાસની માંગ કરી હતી. કોંગ્રેસની ફરિયાદને પગલે જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી વાય. પી.ઠક્કર તાત્કાલિક સ્ટ્રોંગ ખાતે દોડી આવ્યા હતા. અને તપાસ હાથ ધરી હતી. જ્યાં તેમને નમો વાઈફાઈ કનેક્ટ થતું હોવાનું કબૂલ્યું હતું.




જો કે, ઈફસ માં કોઈપણ પ્રકારની રેડીઓ ફ્રિકવનસી કે નેટ કનેકટ થતું ના હોવાથી કોઈપણ પ્રકારની ગેરરીતિ થઈ ના શકે તેવો દાવો ચૂંટણી અધિકારીએ કર્યો હતો.

## સ્વસ્તિક સ્કૂલ પાલનપુરમાં ૯૯.૭૬ પી.આર. સાથે પ્રજાપતિ કૌશિક પ્રથમ નંબરે

પાલનપુર, તા. ૧૦

શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ પાલનપુર સંચાલિત સ્વસ્તિક સ્કૂલમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો પ્રજાપતિ કૌશિક ૯૯.૭૬ પી.આર. સાથે પ્રથમ નંબર મેળવી શાળા તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે. ગણિતમાં ૧૦૦ માર્કસમાંથી ૧૦૦ માર્કસ મેળવી સ્વસ્તિક શાળાનું ગૌરવ વધાર્યું છે. સ્વસ્તિક શાળામાં ૯૦ પી.આર.થી વધુ ૨૫ વિધાર્થીઓ પાસ થવા પામ્યા છે. આ શાળાની વિશેષતા તો એ છે કે સાયન્સના વિધાર્થીઓને માત્ર ૧૧૫૦ રૂ. ની ફી માં જ અભ્યાસ કરાવવામાં આવે છે અને કોઈજ કોચિંગ વગર શાળાનું ૧૦૦ ટકા પરિણામ મેળવી અન્ય શાળાઓ કરતા ગ્રાન્ટેડ સ્કૂલે પરિણામ આપીને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલને પણ લપડાક મારી છે.



શૈક્ષણિક ક્ષેત્રે ઉંચી ફી લઈને ભણાવતી સ્કૂલો માટે પણ સ્વસ્તિક સ્કૂલ ઉદાહરણરુપ બની રહી છે. ૨૦ વર્ષથી વધારે અનુભવ ધરાવતા ગુરુજીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

બાળકને દત્તક લેવાની પ્રણાલી ધરાવતી એકમાત્ર શાળા છે. વગર કોચિંગથી પણ પરિણામ મળી શકે તેવો દાખલો આ શાળા અને ગુરુજીઓએ બેસાડ્યો છે. તમામ સમાજના જરૂરિયાતમંદ બાળકોને અભ્યાસ માટે સ્વસ્તિક શાળાના દ્વાર સદાય ખુલ્લા હોવાનું શાળા પરિવારના ટ્રસ્ટીગણને જણાવ્યું હતું. ૯૯.૭૬ પરસન્ટ મેળવનાર વિદ્યાર્થીને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વિજયનગરના બુટલેગરો બેફામ પોલીસ પણ સલામત નથી

સાબરકાંઠા પોલીસ દ્વારા વિજયનગર નજીક નાકાબંધી ગોઠવવામાં આવી હતી. જેમાં ગુરૂવારે મોડી રાત્રે ફરજ પરના પીએસઆઈ દ્વારા બલેનો ગાડી ચાલકને રોકાવતા ઘર્ષણ થયાનું સામે આવ્યું છે. ચાલકે પીએસઆઈ ચૌહાણ ઉપર ગાડી ચડાવી પલવારમાં ફરાર થઈ ગયો હતો. પીએસઆઈ ઘાયલ થતા જિલ્લા પોલીસ આલમમાં ચકચાર મચી ગઈ છે.

વિજયનગર પોલીસ સ્ટેશન દ્વારા રાજસ્થાન બોર્ડર નજીક તપાસના ભાગરૂપે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ગુરૂવારે રાત્રે શંકાસ્પદ ચીજવસ્તુઓ ભરીને બલેનો ગાડી પસાર થવાની હોઈ પોલીસ હરકતમાં આવી હતી. જેમાં રાત્રે ૧૧ વાગે પીએસઆઈ ચૌહાણ સહિત ૪ પોલીસ કર્મચારીઓ દ્વારા બલેનો ગાડી ઉભી રાખવામાં આવી હતી. જેમાં ચાલકે ગાડી ઉભી રાખી પીએસઆઈ ચૌહાણ નજીક આવતા રિવર્સ લઈ ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં પીએસઆઈ ઉપર ગાડી ચડાવી ફરાર થઈ જવામાં આરોપી સફળ રહ્યો હતો.

ઘાયલ થયેલા પીએસઆઈને પગે ફ્રેક્ચર થતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ ઉપર હૂમલાને પગલે સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા બલેનો ગાડી ચાલકને પકડવા ચક્રો ગતિમાન કરી દીધા છે. જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીક જણાવ્યું હતું કે, પીએસઆઈ ઉપર હૂમલા બાદ વધુ સતર્ક બની આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

## હિંમતનગર ખાતે ગુજરાતનું સૌપ્રથમ નર્સીંગ વર્કશોપ યોજાઈ

હિંમતનગર ખાતે ગુજરાતનું સૌપ્રથમ નર્સીંગ વર્કશોપ યોજાયો જેમાં ગુજરાતમાંથી ૮૯૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ નર્સીંગ કોલેજ એન્ડ સ્કુલ દ્વારા હિંમતનગર ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત નલીનકાન્ત ગાંધી હોલમાં એક દિવસ્ય પ્રથમ રાજયકક્ષાની નર્સીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજયકક્ષાના વર્કશોપમાં ગુજરાતમાંથી નર્સીંગ કોલેજનો સ્ટાફ સહિત ૮૯૦ નર્સીંગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ૧૨મી મે વિશ્વ નર્સીંગ ડે અંતર્ગત ઉત્તર ગુજરાત નર્સિંગ એસો જયોત્સનાબેન ચૌધરી દ્વારા બીનવારસી મૃતદેહ માટે આજીવન કફન વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી હતી. આ વર્કશોપનો મુખ્ય હેતુ નર્સીંગના વિદ્યાર્થીઓને નવી દિશા મળે તે માટે વર્કશોપ યોજાઈ હતી. વર્કશોપનુ આયોજન પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ સ્કુલ દ્વારા તથા ગુજરાતમાં આવેલ કોલેજના સહિયોગથી સંપુર્ણ આયોજન ચિત્રિણી કોલેજના સંચાલક ડાૅ.નૃપાંશભાઈ પટેલ તથા સંસ્થાના સ્થાપક એ.કે. પટેલ તથા ચિત્રિણી કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેમ્બર આઈએનસી મેમ્બર સી, વાઈસ કાઉન્સિલર એચ.એન.જી. યુનિવર્સીટીના ડાૅ. અનીલભાઈ નાયક, ઉંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલના રજીસ્ટાર ડાૅ. પ્રજ્ઞાબેન ડાભી, જી.એન.સી.ના વાઈસ પ્રેસીડેન્ટ આઈ.એ. કડીવાલા, હિંમતનગર સિવીલ હોસ્પિટલના સુપ્રીટેન્ડ જે.એમ. ઉપેરીયા, પાટણ મેડિસિન ફેકલ્ટીના ડીન ડાૅ. ડી.ડી. પાટીદાર, ચિત્રિણી નર્સિંગ કોલેજ સંચાલક ડાૅ. નૃપાંશભાઈ પટેલ, કોલેજ પ્રિન્સીપાલ નરેન્દ્રકુમાર શર્મા, વાઈસ પ્રિન્સીપાલ કિંજલબેન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



## ઊંઝા ખાતે શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજની ગૃહિણી તાલીમ શિબિરનો શુભારંભ

ઊંઝા, તા. ૧૦

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ધરતી પરિવાર-મહેસાણા અને શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ (જનરલ) દ્વારા જી.મ.ગ. કન્યા વિદ્યાલય, કન્યા છાત્રાલય, ઊંઝા ખાતે ૬૯મી ગુહિણી તાલીમ શિબિરનો આજરોજ શુભારંભ કરવામાં આવ્યો. દાતાઓનું પુષ્પગુચ્છ, શાલ અને બુક આપી સન્માન કરાયું હતું. ગૃહિણી તાલીમ શિબિર તા. ૯-૫-૨૦૧૯ થી તા. ૧૭-૫-૨૦૧૯ સુધી ચાલશે. જેમાં સમાજની ૮૦ બહેનો ભાગ લઈ રહી છે. ગૃહિણી તાલીમ શિબિરનો સમારોહના ઉદઘાટક મહેસાણા અર્બન બેંક, મહેસાણાના વાઈસ ચેરમેન કે.કે. પટેલ, અધ્યક્ષ મહેન્દ્રભાઈ ડી. પટેલ (મોતી લેમીનેટસ) અને મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો. સમારોહની શરૂઆતમાં મહિલાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કર્યું હતું.

આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગૃહિણી તાલીમ શિબિર દ્વારા સમાજના સળગતા પ્રશ્નોના જવાબ શોધવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. સમાજના કુરિવાજો દુર કરવા તેમજ સમાજના વિકાસમાં સહભાગી થવા બહેનોને જાગૃત કરવામાં આવી રહી છે. સમાજને ઉંચાઈના શિખરે લઈ જવા માટે બહેનોને પુરૂષ સમોવડી બનાવવી પડશે. શિબિરના સંચાલક અને ધરતી પરિવાર, મહેસાણાના પૂર્વ પ્રમુખ પી.જે. પટેલે ગૃહિણી તાલીમ શિબિરના દસ દિવસના કાર્યક્રમની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓને આ તાલીમ દ્વારા જીવન જીવવાનું ભાથું મળી રહેશે. મહિલાઓ જાગૃત બનશે અને સમાજમાં જાગૃત્તિ લાવવાનું કામ કરશે. મહિલાઓ સમાજમાં કુરિવાજો દુર કરવામાં અને સામાજીક સુધારાઓમાં સહભાગી બનશે. બહેનોને સ્વમાનભેર જીવવાની તાલીમ મળશે તેમ જણાવી તાલીમ શિબીરનું મહત્વ સમજાવ્યું હતું.